મોડાસાના જીવદયાપ્રેમીઓમાં આક્રોશ

તીક્ષ્ણ હથિયારથી ઘવાયેલી ગાયે વાછરડાને જન્મ આપી દમ તોડ્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા વાલ્મિકી સમાજની નજીક કુમાર છાત્રાલય પાસે અસામાજીક તત્વોએ ક્રૂરતાપૂર્વક તિક્ષ્ણ હથિયારના મરણતોલ ઘા ગાયની ગરદન પર કરતાં મોડાસા શહેરના જીવદયા પ્રેમીઓમાં આક્રોશ ફેલાયો હતો. જ્યારે ગાય સગર્ભો હોવાથી જીવદયા પ્રેમીઓ અને વેટરનરી ડોક્ટરોએ વિશેષ સારવાર આપી ગાયને બચાવવામાં સફળતા મળી હતી પરંતુ ગાયે વાછરડાને જન્મ આપી દેહ ત્યજી દેતાં હિન્દુ સમાજમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના મેઘરજ રોડ પર કુમાર છાત્રાલય પાસે પશુચોરોએ કે પછી અસામાજીક તત્વોએ એક સગર્ભા ગાયને તીક્ષ્ણ હથિયાર વડે ગરદન કાપી નાખવાનો હિન કૃત્ય આચર્યુ હતુ. જે અંગેની જાણ મોડાસાના નગરજનો અને જીવદયા પ્રેમીઓને થતાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. અને મોડાસાના જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી અને તેમની ટામે પશુચિકિત્સક ડૉ. કિરણ પટેલ અને ડૉ. રાકેશ જોષીને બોલાવીને તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. જેમાં ગાયના ગરદનનો ભાગ ૬૦ ટકા જેટલો કપાઈ ગયો હોવાથી બન્ને તબીબોએ ભારે જહેમત ઉઠાવી ગાયને ઓપરેશન કરી ૧૦૦ જેટલા ટાંકા લઈને ગાયનું ગરદન ફરીથી જોડી દીધુ હતુ. પરંતુ કમનસીબે પશુચિકિત્સકોની સારવાર કારાગત નિકળે તે પહેલા સગર્ભા ગાયે બિજા દિવસે વાછરડાને જન્મ આપી મોતને ભેટી હતી. જે અંગે જીવદયારપ્રેમીઓ અને પશુચિકિત્સકોને થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સરેઆમ અબોલ જીવ પર થયેલા આવા ગંભીર હુમલો જોઈને લોકોમાં અસામાજિક તત્વો વિરૂદ્ધ રોષ વ્યાપ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે અસામાજીક તત્વોની સામે ગુનો નોધી તપાસ આરંભી દીધી છે.

અરવલ્લી જીલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના ઉપપ્રમુખ નિલેષભાઈના જણાવ્યા અનુસાર રાજુભાઈ રબારીએ આ ગીરગાયને મોરબીથી ખરીદી હતી. અને જીવન મરણ વચ્ચે જોલા ખાતી આ સગર્ભા ગાય ફક્ત વાછરડાને જન્મ આપવા મોત સામે ઝઝૂમી રહી હોય તેવું લાગ્યું હતું.

પ્રાંતિજ નિવૃત્ત આરોગ્ય કર્મચારીને હક્કનાં બચતની રકમ મેળવવા ભારે ઉપાધિ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એક નિવૃત્ત કર્મચારીને પોતાના બચતનાં હક્કનાં નાણાં મેળવવા જિલ્લા પંચાયતમાં ભાઈ સાબ-બાપલા કરવા છતાંય ઝડપથી આ રકમ નહીં મળતાં આ કર્મચારી આર્થિક રીતે સલવાઈ ગયા છે.

પ્રાંતિજના મોયદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નિવૃત્ત કર્મચારી જે.સી. પટેલ નિવૃત્ત થઈ પોતાનું મકાન ઠાકઠીક કરવા પોતાની પગારમાંથી બચેલ જી.પી. ફંડની રકમ મેળવવા તમામ પ્રકારની કાર્યવાહી કરી હતી અને નાણાં મેળવાની આશાએ મકાનનું કામકાજ પણ શરુ કર્યું હતું.

પરંતુ વહેવારો સાચવવા આ નિવૃત્ત કર્મચારીએ જિલ્લા પંચાયતની લગત શાખામાં છેલ્લા કેટલાય મહિનાથી આંટા ફેરાને કાકલૂદીઓ કરવા છતાંય પોતાના હક્કનાં બચતના નાણાં આપવા તંત્રના ઠાગાઠૈયાથી આ નિવૃત્ત કર્મચારી માનસિક તણાવમાં આવી ગયા છે તો સત્તાવાળાઓ પણ જાણે કે આવા નિવૃત્ત કર્મચારીઓને હેરાન પરેશાન કરવાની જીદ લઈને બેઠા હોય તેમજ 'આજ નહીં કાલે આવજો'ના વાયદા કરતાં આ કર્મચારી સલવાઈ ગયા છે ત્યારે સત્વરે યોગ્ય થાય નિવૃત્તોને હક્કનાં નાણાં ઝડપથી મળે તે માટેની લાગણીઓ ઉદભવી છે.

શામળાજી હાઈવે પર ઈનોવા અને કાર વચ્ચે અકસ્માત : બે સગાભાઈના મોત

મોડાસા, તા. ૬

આજે બપોરે અમદાવાદ થી લગ્ન માં લનોવાકાર લઈ ને જતાં રસ્તામાં ઈનોવા નુ ટાયર ફાટતા શામળાજી હાઈવે પર લઈનોવાકાર ડીવાઈડર તોડીને સામેથી આવતી કાર સાથે ધડાકાભેર અથડાતા બે ના મોત થયા હતા જયારે ૫ લોકો ઘનયલ થયા હતા જેમાંથી હાલ બે ની હાલત નાજુક હોવાનુ જાણવા મળેલ છે. અરવલલી જીલ્લા માં છેલ્લા એક સપ્તાહ માં શામળાજી હાઈવે પર અકસ્માતો ની સંખ્યામાં વધારો થવા પામ્યોછે.છેલ્લા એક સપતાહ માં જોવા જઈએ તો આ શાલવે ૭ થી ૮ અકસ્માતો ભયાનક રીતે થયા છે અને આ અકસ્માતો માં અત્યાર સુધી ૧૦ થી વધુ લોકો મુત્યુ પણ પામ્યા છે ત્યારે આ હાઈવે ફરીથી એકવાર ગોઝારો સાબીત થયો હતો.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આજે અપોરે ચારેક વાગ્યા ના સુમારે શામળાજી હાઈવે પર આવેલ આસોપાલવ હોટલ નજીક અમદાવાદ થી ઉદેપુર જતી એક ઈનોવાકાર નુ ટાયર અચાનક જ ફાટતા ગાડી ના ડ્રાઈવરે કાર ઉપર નો કાબુ ઘુમાવતા કાર ડીવાઈડર તોડીને સમે ના રોડ ઉપર આવી ગઈ હતી અને તે સમયે જ સામેથી આવતી બીજી સ્વીફટ ડીજાયર કાર જોડે અથડાતા ઈનોવાકાર માં ઉદેપુ પોતાના સગા સંધંધી ને ત્યાં લગ્ન માં જતાં બે સગાભાઈ નુ મોત થતાં ગમગીની છવાઈ ગઈ હતી મરણ જનાર માં (૧) રામબહાદુર મેવારામ પાલ(૨)રામકીશોર મેવારામ પાલ રહે અમદાવાદ આ બન્ને ઈનોવા કાર જીજે ૧ કે.એમ ૪૨૦૮ માંલગ્ન માંજવા નીકળ્યા હતા પરંતુ કાર નુ ટયર ફાટતા આ ઘટના સર્જાઈ હતી અને આ અકસ્માત માં બે સગાભાઈઓ એ પોતાનો જીવ ગુમાવ્યો હતો (૧) સારીકા ગોપાલ પુરોહીત (૨) સાનીયા ગોપાલ પુરોહીત (૩) દીનેશ જાદવ (૪) પીયુષ ગુપ્તા અને પવન જયારે પાંચ લોકો ઘાયલ થયા હતા અને બે ની હાલત ગંભીર હોવાનુ જાણવા મળ્યુ આ બનાવની જાણ થતાં શામળાજી પોલીસે ઘટના સ્થળ ઉપર પહોચી જઈ આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

બોલુન્દ્રા ગામે ગાંધીનગર એપેડેમીક શાખાના ડૉકટરોએ પાણી, બ્લડ અને ઝાડાના સેમ્પલ લીધા

આજે પણ ૩ નવા કેસો નોધાયો દર્દીઓ નો કુલ આંક ૮૯ પર પહોચ્યો

મોડાસા, તા. ૬

છેલ્લા ૬ દિવસ થી મોડાસા તાલુકા ના બોલુન્દ્ર ગામે પીવાની પાણી ની પાઈપ લાઈન માં લીકેજ થવાથી દુષિત પાણી ભળી જવાના કારણે બોલુન્દ્ર ગામે ઝાડા ઉલટી નો રોગ વકર્યો છે અને આ રોગ શાંત થવાનુ નામ નથી લેતુ અત્યાર સુધી માં આ રોગ માં કુલ ૮૬ લોકો ઝાડા ઉલ્ટી ના રોગ માં સપડાઈ ચુકયા છે ત્યારે આજે ફરીથી ૩ નવા કેસો નોધાય હતા જયારે રોજે રોજ કેસ નોધાવાને લીધે આરોગ્ય તંતર માં દોડધામ મચી ગઈ છે અને હજુ પણ આરોગ્ય વીભાગ ની ૧૨ જેટલી ટીમો આ ગમ માં સતત પોતાનો ડેરો નાખી ને આ રોગ માં વધુ લોકો ના સપડાય તે માટે પગલા લઈ રહી છે ગઈ કાલે આરોગ્ય વીભાગ ધ્વારા આ ગામમાં ગ્રામસભા યોજી ને ગામના લોકો ને આ રોગ થી બચવા શુ કરવુ જોઈએ તે માટે ની જાણકારી આપવા માં આવી હતી.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

જયારે આ રોગચાળો વકરે આજે છ દીવસ જેટલો સમય ગાળો વીતી ગયો હોવા છતાં પણ આ રોગચાળો થમવાનુ નામ નથી લેતો ત્યારે આજે મોડાસા તાલુકાના બોલુન્દ્ર ખાતે ગાંધીનગર કમીશનર કચેરી ના એપેડેમીક વિભાગ ના ડોકટરો ની એક ખાસ ટીમ ડોકટર ધ્રુવે ની રહાબરી હેઠળ આ ગામની મુલાકાત લીધી હતી આ ટીમે મોડાસા ના આરોગ્ય અધિકારી ને સાથે રાખી ને ગામીની મુલાકાત લીધી હતી અને ગામની સમીક્ષા કરી આ રોગ પાછળ નુ સાચુ કારણ જાણવાની કોષીસ કરી હતી અને આ ગામ માં થી અલગ અલગ જગ્યાએથી પાણી ના ૭ જેટલા સેમ્પલ બ્લડ ના ૬ લોકો ના સેમ્પલ તેમજ ૧૦ જેટલા દર્દીઓ ના ઝાડા ના સેમ્પલ લીધા હતા જયારે પ્રાથમીક તારણ માં ડોકટર ધ્વારા એવુ જણાવવામાં આવ્યુ હતુ કે આ રોગભાળો દુષિ પાણી ને લઈ ને ફેલાયો હોવાનુ નથી લાગતુ અગાઉ પાણી ના સેમ્પલ લેવાયા છે તેમાં આવુ કશૂ લાગતુ નથી પરંતુ આ રોગ બેકટેરીયા જનક કે પછી વાયરલ ઈન્ફેકશન ના લીધે ફેલાયો હોય તેવુ લાગી રહયુ છે અને આ નમુના માટે જે સેમ્પલ લીધા છે તેની ચકાસણી બાદ જ બે દીવસ પછી જ ખબર પડશે કે આ રોગ પાછળ નુ સાચુ કારણ કયુ છે.

ડીસાના રાજપુર ખાતે ઠલવાતા કચરાના મામલે રહિશો દ્વારા રસ્તાઓ ચક્કાજામ

ડીસા, તા. ૬

ડીસા શહેરના રાજપુર તરફ જતા માર્ગમાં આવતા વ્હોળામાં આખા ડીસા શહેરનો કચરો ઠલવાય છે. જેના કારણે ગંદકીનું સામ્રાજ્ય બારેમાસ છવાયેલું રહે છે. આ બાબતે આ વિસ્તારના રહીશોએ નગરપાલિકામાં વારંવાર રજુઆતો કરવા છતાં નગરપાલિકાના સફાઈકર્મીઓ દ્વારા કચરો ભરેલા ટેક્ટરો અહી ઠાલવવાનું બંધ નહી કરાતા આખરે કંટાળેલા રહીશોએ રસ્તો બંધ કરી પાલિકા સામે આક્રોશ મચાવતા અફડાતફડીનો માહોલ છવાયો હતો.

ડીસા શહેરમાં મીરા મહોલ્લાથી રાજપુર જવાના માર્ગ પર આવતા વ્હોળામાં આખા શહેરનો કચરો સફાઈકર્મીઓ ટેક્ટરો મારફતે ઠાલવે છે. જેના કારણે અહીં ગંદકીનું સામ્રાજ્ય છવાયેલુ રહે છે. આસપાસના રહીશો ગંદકીમાં સબડતા રહે છે. નજીકમાં આવેલા લોધાવાસમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગથી બે થી ત્રણ બાળકોના મોતના બનાવ બની ચુક્યા છે. તેમ છતાં નિષ્ઠુર નગરપાલિકા તંત્રની ઉંઘ હજુ ઉડતી નથી. ત્યારે રોષે ભરાયેલા આ વિસ્તારના લોકોએ રાજપુર તરફ જવાના રસ્તા પર આડશો મુકી રસ્તો બંધ કરી દેતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ફોન કરવા છતાં તંત્ર ન ફરક્યુ

લોકોએ રસ્તો બંધ કરતા વાહનચાલકોને હેરાનગતિ સહન કરવી પડી હતી. જો કે આ બાબતે ચીફ ઓફીસર અને સફાઈ વિભાગના વસંત પાટલાને ફોન દ્વારા જાણ કરવા છતાં તંત્રએ ઘટનાસ્થળે ફરકવાની પણ તસ્દી નહી લેતા કેટલાક લોકોના સમજાવટથી રહીશોએ રસ્તો ખુલ્લો કર્યો હતો.

કચરાને આગ ચંપાતા ધુમાડાના ગોટેગોટા

આ વિસ્તારમાં કચરાના ઢગલા કર્યા બાદ તેને આગ ચાંપવામાં આવતી હોવાથી જાહેર માર્ગ પર ધુમાડાના ગોટા ઉડે છે તેમજ આગની જ્વાળાઓ દૂર દૂર સુધી ફેલાતી હોવાથી અહીથી પસાર થવુ મુશ્કેલ બને છે. વળી અહી કસાઈઓ દ્વારા મૃત પશુઓનો વેસ્ટ અને કુતરા, ભૂંડ જેવા પશુઓનો ત્રાસ વધી ગયો છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકાના કુચાવાડા અને કંસારી ટોલટેક્ષ તેમજ વાહન ચાલકો ને આપવી પડતી આવશ્યક નિયમ મુજબની સુખાકારી સુવિધા મળતી નથી તેમજ આ ટોલપ્લાઝા નું સંચાલન કરતી રણજીત ટોલપ્લાઝા કંપની એ સરકાર સાથેના કરાર નો ભંગ કરી મનમાની ચાલ્વ્યાના આક્ષેપો વાળી ફરિયાદ તાજેતરમાં જનકલ્યાણ યુવક મંડલ નાં અધ્યક્ષ કલ્યાણભાઈ રબારી એ મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમ માં કરી હતી. જેમાં જીલ્લા કલેકટર દિલીપ કુમાર રાણા એ આ જાહેરહિત ની ફરિયાદનું યોગ્ય નિરાકરણ કરી ફરિયાદીએ ઉઠાવેલા આક્ષેપો ની સ્થળતપાસનાં આદેશો જારી કર્યા હતા.જેના પગલે આજ રોજ આ બન્ને ટોલનાકા પર ડીસા નાયબ કલેકટર દિગંત બ્રમભટ્ટની આગેવાની નીચે અધીકારીકસ્તર ની તપાસ હાથ ધરાઈ હતી. જેમાં અનેકો નીસ્કાલજી બહાર આવતા ટોલપ્લાઝા કર્મચારીગણમાં સન્નાટો છવાયો છે

આજે અરવલ્લી જિલ્લામાં ગુજકેટની પરીક્ષા યોજાશે

મોડાસાના ૭૦ બ્લોક પરથી ૧૩૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ૭ મે ૨૦૧૫ના રોજ યોજાનાર ગુજકેટ પરીક્ષા સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી એસ. છાકછુઆકની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે ગુજકેટ પરીક્ષાએ વિધાર્થીઓના ભાવિ માટે ખૂબ જ મહત્વની પરીક્ષા હોવાનું ગણાવી પરીક્ષાર્થીઓ ભય, તાણવિહીન, સ્વસ્થતાથી નિષ્પક્ષ વાતાવરણમાં પરીક્ષા આપે શકે તેવું નિર્માણ કરવા તથા પરીક્ષા કેન્દ્રની આજુબાજુમાં સ્વચ્છતા, બારીબારણા ચકાસી લેવા, સી.સી.ટીવી કેમેરાની ચકાસણી કરી તેનું મોનીટરીંગ વ્યવસ્થિત થાય તેમજ પુરતા પ્રમાણમાં બેન્ચીઝની કમ્ફર્ટેબલ બેઠક વ્યવસ્થા, પંખા, પાણી સેનીટેશન, પરીક્ષા સમય દરમ્યાન વીજ પુરવઠો જળવાઈ રહે,, ગ્રામ્ય વિસ્તારના એસટી રૂટ ન ખોટકાય અને તેની વૈકલ્પિક વ્યવસ્થા અંગે તકેદારી રાખવા સબંધિત અધિકારીશ્રીઓને સુચનાઓ આપી હતી.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ઝાલાએ પરીક્ષા સંચાલન અને આયોજનની વિગતો આપતાં અરવલ્લી જિલ્લાના મોડાસા કેન્દ્ર ખાતેથી ૧૩૬૪ વિર્ધાર્થીઓ સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ યુનિટ૧ અને ૨, કે. એન. શાહ હાઈસ્કૂલ યુનિટ૧ અને ૨ એચ.એલ.પટેલ સરસ્વતી હાઈસ્કૂલ એમ ૩ પરીક્ષા સ્થળે ૭૦ બ્લોકમાં પરીક્ષા યોજાશે. તેમજ પરીક્ષામાં કોઈ ગેરરીતિને અવકાશ ન રહે તેવું સુચારૂ સંચાલન થાય તે માટે કેન્દ્ર સંવાહકોને માર્ગદર્શન આપ્યું હતું. અને જિલ્લા કંટ્રોલ રૂમ ટેલિફોન નંબર ૦૨૭૭૪૨૪૯૭૪૯ ઉપર ફરિયાદ અંગે સંપર્ક કરી શકાશે.

બેઠકમાં અધિક કલેકટરશ્રી મનોજ ગજરે, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય નિયામકશ્રી એસટી, કા. ઈ. શ્રી જીઈબી, પ્રમુખશ્રી આચાર્ય સંઘ, ઉ.મા.શિક્ષક સંઘ, વહીવટી કર્મચારી સંઘ, એવોર્ડ વિજેતા શિક્ષકો, સારસ્વતશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

હિંમતનગરમાં અસ્થમા લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૬

અસ્થમા સામાન્ય રીતે દમના રોગથી જાણીતો છે. પ્રદૂષિત વાતાવરણ એલર્જી કે વારસાગત આ રોગ હોઈ શકે છે. વર્ષના મે માસના પ્રથમ મંગળવારે વર્લ્ડ અસ્થમા દિવસ ઉજવાય છે. અસ્થમાનું વહેલી તકે નિદાન કરાવવું મહત્વપૂર્ણ હોય છે. કારણ કે તેનાથી ફેફસાની સ્થિતિનું સંવર્ધન કરવામાં મદદ થાય છે. અસ્થમામાં સામાન્ય રીતે ઉધરસ, છાતીમાં સસણી બોલવી જેવા લક્ષણો મારફત જાતે વધે પરંતુ તેના નિદાન માટે પીકફલ મીટર જેવા સાધનો ઉપલબ્ધ છે. જેનાથી હર કોઈ અસ્થમાની દેખરેખ રાખી શકે છે. જયારે ઈનહેલેશન થેરપીનો સારવાર તરીકે ઉપયોગ કરવાથી અસ્થમાને કાબુમાં રાખી શકાય છે. આ સારવારમાં ફેફસાનું સંવર્ધન થાય છે. જેથી દવા લેવાતી લોહીમાં ભળતી દવાની આડઅસર કરતાં ઈનહેલેશન થેરાપીમાં ઓછી છે.

અસ્થમાનો રોગ થવા પાછળનું મુખ્ય કારણ ડસ્ટમાઈટ (ધૂળના જંતુ) ઈન્સેકટ, ફુગ અને પરાગરજ છે. આ રોગની સૌથી વધુ અસર દર્દીને રાત્રે કે વહેલી સવારે થાય છે. જેથી સતત ખાંસી આવે છે. જેનું નિદાન પલમોનરી ફંકશન ટેસ્ટ પરથી થઈ શકે છે.જો કે અસ્થમાની ગોળી કે સિરપની સરખામણીમાં ઈન્હેલર્સ ખુબ જ સસ્તુ છે. હિંમતનગરમાં બ્રીધ ફ્રી સિપ્લા દ્વારા લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જાણીતા ફિજીશિયન ડૉ. એમ.એમ. સુરતીએ જણાવ્યું હતું કે અસ્થમા હઠીલો રોગ છે જેમાં લાંબા સમય સુધી સારવાર લેવી પડે છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧